# દેશમાં કોવિડ-૧૯ના ૪.૧૧ લાખ એક્ટિવ કેસ

**દેશમાં કોરોનાના ચેપગ્રસ્તોનો આંક ૧૨ લાખ ઉપર પહોંચ્યો : દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૭,૭૨૪ નવા દર્દી નોંધાયા, ૬૪૮ લોકોએ જીવ ગુમાવ્યો : કુલ ૨૮૭૩૨ મોત થયા**



નવી દિલ્હી, તા. ૨૨

દેશના મહારાષ્ટ્ર સહિત અન્ય કેટલાક રાજ્યોમાં કોરોના વાયરસ ધીમા પગલે બેકાબૂ થઈ રહ્યો છે. એથી દરરોજ નોંધાતા દર્દીઓના આંકડા એક નવો રેકોર્ડ બનાવે છે. એટલું જ નહીં કોવિડ-૧૯ના કુલ દર્દીઓની સંખ્યા ૧૨ લાખ પર પહોંચી ચૂકી છે. બુધવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓ મુજબ, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૭,૭૨૪ નવા દર્દીઓ નોંધાયા છે અને ૬૪૮ લોકોના મોત થયા છે. તેની સાથે બુધવારે સવારે જ દેશમાં કોરોનાના કુલ ચેપગ્રસ્તોની સંખ્યા ૧૧,૯૨,૯૧૫ પર પહોંચી ચૂકી હતી. જેમાંથી ૪,૧૧,૧૩૩ એક્ટિવ કેસ છે. તેમજ અત્યાર સુધીમાં ખતરનાક વાયરસના ચેપથી કુલ ૨૮,૭૩૨ દર્દીઓના મોત થયા છે. ભારતમાં અત્યાર સુધીમાં મહામારીને મ્હાત કરનારાઓની સંખ્યા ૭,૫૩,૦૫૦ છે. દેશમાં હાલ રિકવરી રેટ ૬૩.૧૨ ટકા પર જોવા મળી રહ્યો છે. તો બીજીબાજુ પોઝીટીવિટી રેટ ૧૦.૯૯ ટકા છે. એટલે કે જેટલા પણ સેમ્પલની તપાસ કરવામાં આવી રહી છે. તેમાંથી ૧૦.૯૯ ટકા સેમ્પલ પોઝીટીવ મળી રહ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના આંકડાઓ મુજબ, ભારતમાં ૨૧મી જૂલાઈ સુધીમાં કોરોના વાયરસના કુલ ૧,૪૭,૨૪,૫૪૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. મંગળવારે એક દિવસમાં ૩,૪૩,૨૪૩ ટેસ્ટિંગ કરાયા હતા. સ્વાસ્થ્ય મંત્રાલયના સુત્રોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા હાલ પોઝીટીવિટી રેટ ઘટાડવાની દિશામાં કામ કરી રહી છે. મંત્રાલયના અધિકારી રાજેશ ભૂષણના જણાવ્યા મુજબ પોઝીટીવિટી રેટ ૫ ટકા સુધી નીચે લઈ જવાનો જ અમારું અંતિમ લક્ષ્ય છે. તેમણે વધુમાં જણાવ્યુ કે ભારતમાં આજે પણ ૧૦ લાખની જનસંખ્યા પર કોરોનાના કેસોની સંખ્યા ૮૩૭ની છે, જે વિશ્વના અન્ય મોટા દેશોની તુલનામાં ખુબ જ ઓછી છે. દેશભરમાં મહારાષ્ટ્ર રાજ્યમાં જ વધુ એકવાર વિતેલા ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ નોંધાયા છે. અહીં ૮,૩૩૬ નવા કેસ નોંધાયા છે અને ૨૪૬ લોકોના મોત થયા છે. આ સાથે જ રાજ્યમાં કોરોના ચેપગ્રસ્તોનો આંક ૩,૨૭,૦૩૧ થઈ ગયો છે.

**કોરોના અપડેટ્સ**

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૫૧૭૫૫૯૪ | ૬૨૧૭૧૯ | ૯૦૨૧૫૭૩ |
| ભારત | ૧૨૨૦૪૩૩ | ૨૯૫૩૧ | ૭૭૨૪૮૮ |
| ગુજરાત | ૫૧૪૮૫ | ૨૨૨૯ | ૩૭૨૪૦ |
| ગાંધીનગર | ૧૩૦૩ | ૭૧ | ૮૪૯ |

## શિક્ષિત બેરોજગાર યુવાનો પોતાની શૈક્ષણિક ડીગ્રી સરકારને પરત કરશે

**યુવરાજસિંહ અને દિનેશ બાંભણીયા વિધાનસભાની પેટા ચુંટણી લડશે**



ગાંધીનગર, તા.૨૨

ગુજરાત રાજયના શિક્ષિત બેરોજગાર યુવાનોને નિમણુંક પત્રો આપવામાં આવી રહ્યા નથી, ત્યારે તેની માંગ સાથે યુવરાજસિંહ જાડેજા અને દિનેશ બાંભણીયા દ્વારા બનાવાયેલી શિક્ષિત બેરોજગાર સમિતિના સભ્યો હવે શિક્ષિત યુવાનોના પ્રશ્નો મુદ્દે આગામી સમયમાં આવનારી વિધાનસભાની પેટા ચુંટણીમાં ઉભા રહેશે.

ગાંધીનગર ખાતે શિક્ષિત બેરોજગાર સમિતિના નેજા હેઠળ પત્રકારોને સંબોધતા દિનેશ બાંભણીયાએ જણાવ્યું હતું કે રાજયના મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ સાથે બે વાર બેઠક કરવામાં આવી છે. ત્યારબાદ ૧૦ દિવસ બાદ બીજીવાર બેઠકનો સમય માંગ્યો હતો. પરંતુ તેનો જવાબ આપવામાં આવ્યો નથી. ત્યારે અમને આશા છે કે સરકાર બીજી બેઠક યોજીને બેરોજગાર યુવકોના પ્રશ્નોનું નિરાકરણ આવશે. ત્યારે અમારી માંગ છે કે યુવાનોને માર્ગ પર ઉપર આવવું ન પડે તે રીતે સંવાદ તેઓ કરે. આગામી આવનારી વિધાનસભાની ૯ પેટાચુંટણીમાં યુવરાજસિંહ ગઢડાથી તો દિનેશ બાંભણીયા મોરબીથી ચુંટણી લડશે. વિધાનસભા બેઠક પર અપક્ષ ઉમેદવારી નોંધાવવા માટે અબડાસામાં ૨૨૩, ધારીમાં ૩૦૨, કરણજણમાં ૪૭૮, મોરબીમાં ૩૪૭, ગઢડામાં ૨૮૫, કપરાડામાં ૮૦, અને લીંમડીમાં ૨૬૧ ઉમેદવારો તૈયાર થયા છે. જયારે બેરોજગાર યુવાનો પોતાની શૈક્ષણિક ડીગ્રી સરકારમાં પરત કરશે.

## રાજ્યમાં શાળા ખુલે નહીં ત્યાં સુધી ફી નહીં

**હાઈકોર્ટનો કોરોના કાળમાં મહત્વપૂર્ણ ચુકાદો : સંચાલકોને આઘાત, વાલીને રાહત : તમામ શાળાઓ બંધ હોઈ ઇત્તર પ્રવૃત્તિઓ માટે નિયત કરાયેલી ફી શાળાઓ નિયમિત શરૂ ના થાય ત્યાં સુધી વિદ્યાર્થીઓ પાસેથી ફી વસુલી શકાશે નહીં**

ગાંધીનગર, તા. ૨૨

ફી મામલે વાલીઓને રાહત આપતા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત હાઈકોર્ટે સ્કુલ ફી મામલે વાલીઓને મોટી રાહત આપી છે. સ્કૂલો નહિ ખુલે ત્યાં સુધી શાળા સંચાલકો સ્કુલ ફીની માંગણી નહિ કરી શકે તેવું હાઈકોર્ટે જણાવ્યું છે. કોરોનાના સંકટ વચ્ચે સ્કુલ સંચાલકો બેફામ ફી ઉઘરાવતા સામે હાઈકોર્ટે ફટકાર લગાવી છે. જ્યાં સુધી શાળા શરૂ ન થાય ત્યાં સુધી ફી માટે શાળાઓ વાલીઓને દબાણ નહિ કરી શકે. સ્કૂલ તરફથી ફી ભરવા પર દબાણ ન કરે તો ડીઈઓ પગલાં લેવાના રહેશે. કોરોનાના કપરા કાળમાં વિદ્યાર્થીઓની ફી ભરવા સ્કૂલો દ્વારા દબાણ થતા હાઈકોર્ટમાં જાહેરહિતની અરજી કરાઈ હતી.

કોરોના મહામારીમાં શાળાઓ દ્વારા અપાતા ઓનલાઈન શિક્ષણ અને સ્વનિર્ભર શાળાઓ દ્વારા વસુલવામાં આવતી ફી મામલે શિક્ષણ વિભાગે મોટો નિર્ણય લીધો છે. વાલીઓને રાજ્ય સરકાર તરફથી ફી મામલે મોટી રાહત અપાઈ છે. શિક્ષણ વિભાગે સૂચના આપી કે, હાલ શાળાઓ બંધ હોઈ શાળાઓ દ્વારા ઈત્તર પ્રવૃત્તિઓ માટે નિયત કરાયેલી ફી શાળાઓ નિયમિત શરૂ ના થાય ત્યાં સુધી કોઈ વિદ્યાર્થીઓ પાસેથી વસુલી શકાશે નહિ. કોઈ વાલીએ ઈત્તર પ્રવૃત્તિની ફી ભરી દીધી હોય તો શાળા નિયમિત શરૂ થાય એટલે પરત લેવાની થતી ફીની રકમ શાળાએ વાલીને સરભર કરીને આપવાની રહેશે. શિક્ષણ વિભાગે સ્પષ્ટ ઉલ્લેખ કર્યો કે, જે સેવાઓ શાળા આપતી નથી તેની ફી વસુલી શકાશે નહિ. કોરોનાની કપરી પરિસ્થિતિમાં વાલીઓ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે શૈક્ષણિક સંસ્થાઓએ તેમને મદદ કરવી જોઈએ. શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટ અથવા મંડળોની રચનાનો ઉદ્દેશ નફાખોરી કર્યા સિવાય સમાજને ઉમદા શિક્ષણ આપવાનો છે. તેમ છતાં કેટલીક સ્વનિર્ભર શાળાઓ વાલીઓ પાસેથી ફી ઉઘરાવે છે અને ઘટાડવાનો પણ ઈકાર કરી ચૂકી છે. આથી આખરે રાજ્ય સરકારે જાહેરહિતમાં નિર્ણય કરતા આદેશ કર્યો કે, શાળાઓ વાસ્તવિક રીતે બંધ થઈ ત્યારથી હવે ક્યાં સુધી અગાઉની વાસ્તવિક સ્થિતિમાં ચાલુ ના થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની ટ્યુશન ફી વસુલી શકાશે નહિ.

ફરી એકવાર સરકારે વર્ષ ૨૦૨૦-૨૧ મામલે સ્પષ્ટતા કરી છે કે, કોઈપણ શાળા પોતાની ફીમાં કોઈપણ પ્રકારનો વધારો પણ કરી શકશે નહિ. જે વાલીઓએ એડવાન્સ ફી ભરી હોય તેમને શાળાએ આગામી સમયમાં લેવાની થતી ફીમાં વધારાની રકમ સરભર કરી આપવા આદેશ કર્યો છે. બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણના અધિકાર હેઠળ ધોરણ ૧ થી ૮માં ભણતા એકપણ વિદ્યાર્થીને શાળામાંથી દૂર કરી શકાશે નહિ. ૩૦ જૂન સુધીમાં કોઈ વિદ્યાર્થીએ ફી ના ભરી હોય તો તેને પણ દૂર કરી શકાશે નહિ.

## ધાનેરા શહેરમાંઆજથી ભૂગર્ભ ગટરની કામગીરી શરૂ કરવામાં આવી



ધાનેરા

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા નગરપાલિકા દ્વારા આજે બાકી રહેલા વિવિધ વિસ્તારમાં ભૂગર્ભ ગટર નું ખાતમુરત કરવામાં આવ્યું હતું અને જે તે વિસ્તારમાં ભૂગર્ભ ગટર લાઈન બાકી છે તે તમામ વિસ્તારમાં ભૂગર્ભ ગટર લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે આજે કાલે નગરપાલિકાના પૂર્વ પ્રમુખ બળવત કઈ બારોટ યુસુફભાઈ બેલીમ પ્રકાશભાઈ સુધાર રામ ભાઈ સોલંકી સહિત લોકોની આગેવાનીમાં ખાતમુરત કરવામાં આવ્યો અને આખા સુરતમાં કોરોનાવાયરસ ને લઈને ફરજિયાત સોશિયલ distance તેમજ મા સાથે ખાતમુરત કરવામાં આવ્યો હતો

## બનાસકાંઠામાં પશ્ચિમ વિસ્તારમાં કોરોનાએ મોરચો ખોલ્યો : નવા ૨૩ કેસ

**ડીસા ૬, દિયોદર ૬, વાવ ૫, સુઇગામ ૩, ભાભર ૨ અને ધાનેરા ૧ કેશ પોઝિટિવ**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું લોકલ સંક્રમણ વધી રહ્યું છે. જ્યાં બુધવારે જાણે કોરોનાએ પશ્ચિમ વિસ્તારમાં નવો મોરચો ખોલ્યો હોય તેમ ત્યાં નવા ૨૩ કેસ નોંધાયા હતા. ડીસા ૬, દિયોદર ૬, વાવ ૫, સુઈગામ ૩, ભાભર ૨ અને ધાનેરા ૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫૯૪ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૨૫ થવા પામ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ વધતાં દિન પ્રતિદિન કેસો વધી રહ્યા છે. આવી સ્થિતિ વચ્ચે લોકોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. એક તરફ પોઝિટિવ દર્દીઓનો આંકડો વધી રહ્યો છે. તો બીજી તરફ દર્દીઓના મોત નિપજી રહ્યા છે. જ્યાં બુધવારે જાણે કોરોનાએ પશ્ચિમ વિસ્તારમાં નવો મોરચો ખોલ્યો હોય તેમ ત્યાં નવા ૨૩ કેસ નોંધાયા હતા. ડીસા ૬, દિયોદર ૬, વાવ ૫, સુઈગામ ૩, ભાભર ૨ અને ધાનેરા ૧ પોઝીટીવ કેસ આવ્યા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૫૯૪ પહોંચી ગઈ છે.તેમજ મૃત્યુઆંક ૨૫ થવા પામ્યો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં પાલનપુર, વડગામ, દાંતા, દાંતીવાડા, અમીરગઢ સહિતના પૂર્વના વિસ્તારોમાં કોરોનાના દર્દીઓ નોંધાતા હતા. જોકે, હવે આ ચેપ જિલ્લામાં સર્વત્ર ફેલાઈ રહ્યો છે. જ્યાં યાત્રાધામ ઢીમા સહિતના વિસ્તારોમાં લોકલ સંક્રમણના કારણે પીઝિટિવ દર્દીઓ નોંધાતા લોકોમાં ફફડાટ પ્રસરી ગયો છે. આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, પોઝિટિવ આવેલા દર્દીઓને કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

## ચંદ્રાલા પાસે બસમાંથી મુસાફરના થેલામાંથી વિદેશી દારુની ૨૪ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૨

ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પર એસટી બસમાં બેઠેલા મુસાફરના પાસેથી ૨૪ બોટલ વિદેશી દારુની પકડાઈ છે. ચિલોડા પોલીસ મથકનો સ્ટાફ વાહન ચેકીંગમાં હતો ત્યારે હિંમતનગર તરફથી એક બસ આવી હતી પોલીસે મુસાફરોનો સામાન ચેક કરતા એક મુસાફરના થેલામાંથી દારુની બોટલો મળી આવી હતી. પોલીસે મુસાફરનું નામ પુછતા તે રાજસ્થાનના ડુંગરપુરનો રામકિશન પ્રતાપભાઈ મીણા (ઉં.૨૨ ખેરવાડા)હોવાનુ ધ્યાને આવ્યું હતું. જયારે પોલીસને થેલામાંથી વિવિધ બ્રાન્ડની ૨૪ બોટલ મળી આવી હતી. ચિલોડા પોલીસે ૧૫,૧૨૦ ની કિંમતનો દારુનો જથ્થો કબ્જે કરી આરોપી સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### કોરોનાની ઝપટમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જે તંત્રએ મંજૂરી આપી છે.

આ ઉપરાંત સે. ૧૯ માં રહેતા અને ગુજરાત સ્ટેટ પેટ્રો લિ.માં આસિ. મેનેજર તરીકે સેવાઓ બજાવતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દીને સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

શહેરમાં વી.આઈ.પી. સેક્ટર તરીકે ઓળખાતા સે. ૧૯ માંથી આજે એક જ દિવસમાં ૩ કેસ મળતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે.

ગાંધીનગરમાં એવી જ ઓળખ ધરાવતા સે. ૨૭ માંથી પણ વધુ ૩ કેસ મળી આવ્યા છે. સે. ૨૭ માંથી એક ૭૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કેવી રીતે સંક્રમિત થયા તે અંગેની વિગતો તંત્ર મેળવી રહ્યુ છે.

આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મહિલાના પરિવારના ૪ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત આજ સેક્ટરમાંથી અન્ય એક ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને પણ સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૭ માં જ ૬૦ વર્ષીય પુરૂષ જે ખાનગી વેપાર સાથે સંકળાયેલ એક બિલ્ડરનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. તેઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા છે. તેમના પરિવારના અન્ય બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૩ માંથી બે કેસ મળી આવ્યા છે. સે. ૩-સી માંથી એક ૬૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીના પતિ અગાઉ સંક્રમિત થયા હતા અને તેના સંપર્કથી તેણીની સંક્રમિત થઈ હોવાનું મનાઈ રહ્યું છે. આ ગૃહીણીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩-ડી માં રહેતા અને સે. ૨૪ માં પ્રાઈવેટ ટ્યુશન ક્લાસીસમાં કામ કરતા એક ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાયો છે. તેના પરિવારની એક વ્યક્તીને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

સે. ૧૩ માંથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ભરૂચમાં ખાનગી કંપનીમાં નોકરી કરતા એક ૪૯ વર્ષીય પુરૂષ જે સે. ૧૩-બી માં રહે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

આ ઉપરાંત શાહીબાગ અમદાવાદમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ફરજો બજાવતા એક ૫૬ વર્ષીય પોલીસ અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તેમના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨-સી માંથી એક ૪૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલ ખાતે સિન્ટેક્સ કંપનીમાં આ દર્દી નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. નોકરી માટે તે સતત અપડાઉન પણ કરતો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

### વધુ ૨૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનગી કંપનીમાં નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે.

વડોદરામાંથી એક ૩૯ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જે ખાનગી વેપાર ક્ષેત્રે સંકળાયેલ છે અને દહેગામમાં ધંધો કરે છે તેના ભાગીદાર કોરોનાથી સંક્રમિત થયા હતા અને તેની સાથેના સંપર્કથી તે સંક્રમિત થયો હોવાનું જાણવા મળેલ છે.

અડાલજ ગામેથી એક ૧૩ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

દહેગામ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે બે કેસ કોરોનાના મળી આવ્યા છે. દહેગામના નાંદોલ ગામેથી એક ૩૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત બારોટના પોલમપુરા ગામેથી એક ૬૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

માણસા અર્બન વિસ્તારમાંથી આજે એક જ દિવસમાં ૪ કેસ મળી આવતાં માણસા શહેરમાં સન્નાટો વ્યાપેલો જોવા મળ્યો હતો. મળતી વિગતો પ્રમાણે માણસા અર્બનમાંથી એક ૩૧ વર્ષીય પુરૂષ, ૬૦ વર્ષીય સ્ત્રી, ૩૭ વર્ષનો પુરૂષ અને ૫૮ વર્ષના પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત માણસા તાલુકાના પ્રતાપનગર ખાતેથી ૬૧ વર્ષીય પુરૂષનો અને ફતેહપુરાના ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

કલોલ તાલુકાના નારદીપુર ગામેથી એક ૨૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નારદીપુર ગામમાંથી આ પાંચમો કેસ મળી આવ્યો છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

આ ઉપરાંત બોરીસણા ગામેથી એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

કલોલ અર્બનમાંથી આજે વધુ ૬ કેસ મળી આવતાં તંત્ર એકદમ સતર્ક બની ગયુ છે અને શહેરમાં સઘન સર્વેલન્સની સૂચનાઓ જારી કરી છે. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લામાં નોંધાયેલા કેસોમાંથી આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૪૧૯૪ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૫૬ પ્રાયવેટ ફેસીલીટી સેન્ટરમાં, ૪૩ સરકારી ફેસીલીટી સેન્ટરમાં અને ૨૪૦૯૫ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે. જિલ્લામાં રિકવરી રેટ સારો જણાયો છે પરંતુ ડેથ રેટ વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. પાંચ વર્ષના ભૂલકાથી લઈ ૬૧ વર્ષની આયુ ધરાવતા દર્દીઓ આજે મળી આવ્યા છે. આજે મળેલા ૨૫ કેસમાં ૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

### આઉટ સોર્સથી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝોનની અમલવારી બાબતે પણ સઘન મોનીટરીંગ થાય તે જોવા પર ખાસ ભાર સુશ્રી સુનયના તોમરે મુક્યો હતો.

મળતી વિગતો મુજબ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ દરેક પી.એચ.સી.માં ૪ દિવસે પૂર્ણ થવુ જોઈએ તેમ પણ તેમણે કહ્યુ હતુ. જે ગામોમાંથી વધુ કેસો મળી રહ્યા છે તે ગામોની સપ્તાહમાં દર ૩ દિવસ સી.ડી.એચ.ઓ. મુલાકાત લે એટલુ જ નહિ ત્યાં ક્વોરોન્ટાઈનના અમલવારીની સતત સમીક્ષા કરે.

તેમણે જિલ્લાતંત્રને પણ ક્વોરોન્ટાઈન કરાયેલ વિસ્તારોમાંથી અવરજવર કરતા લોકો સાથે સખ્તાઈથી પગલાં લેવામાં આવે તેમ જણાવ્યુ હતુ. જિલ્લામાં એન્ટીજન ટેસ્ટ માટે વધુ જથ્થો ઉપલબ્ધ થાય તે અંગે સરકારમાં રજુઆત કરાશે તેની ખાતરી આપી હતી. જોકે જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં પણ સઘન સર્વેલન્સ, ફાસ્ટ ટ્રેસીંગ, ટ્રેકીંગ અને ઝડપી સારવાર ઉપલબ્ધ બને તે જોવા પર ખાસ ભાર મુક્યો હતો.

સુશ્રી તોમરે આરોગ્યતંત્રને સૌની સાથે સુયોગ્ય સંકલનમાં રહી પરિસ્થિતિને પહોંચી વળવાના પ્રયાસો કરવામાં આવે તેવી ટકોર પણ કરી હતી. આ બેઠકમાં જિલ્લા કલેક્ટર, ડી.ડી.ઓ., જિલ્લા પોલીસ વડા, મ્યુનિ. કમિશનર, આરોગ્યના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વિદ્યાર્થીનો પ્રવેશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોઈપણ પ્રકારનો ફી વધારો પણ કરી શકશે નહીં. જયારે એડવાન્સ ફી ચુકવી હોય તેવા કીસ્સામાં શાળાએ વધારાની રકમ સરભર કરી આપવાની રહેશે. વિદ્યાર્થીઓને ફરજિયાત અને મફત શિક્ષણના અધિકાર અન્વયે ધો -૧ થી ૮ માં અભ્યાસ કરતા કોઈપણ વિદ્યાર્થીઓને શાળામાંથી દુર કરી શકાશે નહીં.

### લાઈન નંખાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટી પી -૯ વાસણા હડમતિયા સહીતના વિસ્તારમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટેનુ આયોજન કરાયુ છે. વિકસિત ટી પી વિસ્તારમાં રહેણાંક પણ હોવાથી હાલ આ સોસાયટીમાં માળખાગત સુવિધા ઉભી કરવા માટે તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ ચારેય ટી પી વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા માટે અંદાજિત રૂ ૭૦ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. ટુંકમાં ટેન્ડર આખરી થશે ત્યારબાદ કામગીરી પણ શરૂ કરી દેવાશે. અન્ય વિકસિત વિસ્તારમાં રસ્તા , ગટર તેમજ સ્ટ્રીટ લાઈટ સહીતની સુવિધાના બાકી કામોને પણ અંજામ આપવામાં આવશે.

### ઘાતક

● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૫-૫૦ વયના ૧૯ ડોકટર મોતને ભેટ્યા છે. જ્યારે ૫૦થી વધુ વયના ૭૩ તબીબોના મોત થયાં છે.

તેમણે ડોકટરોની કામગીરીને બિરદાવી હતી. ઈન્ડીયન મેડીકલ એસોસિએશના પ્રમુખે કહ્યું હતું કે, સૌથી વધુ કામ તબીબો કરી રહ્યાં છે. પરંતુ વધુ પડતા શ્રમથી ઈમ્યુનીટી ઘટે છે. માટે જ દર્દીમાં મૃત્યુદર ઓછો છે અને તબીબોમાં વધુ વધુ છે. તેમના મતે હાલ ભારતમાં કોરોનાની સ્થિતિ છે તે આગામી ૧૫ દિવસમાં વધારે વિકરાળ બની શકે છે. માટે સોશિયલ ડિસ્ટેન્સિંગ જાળવવુ ખુબ જ જરૂરી છે.

### કોરોના વેક્સીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેક્સીનની કિંમત પર જણાવ્યું, ‘‘કારણ કે આ સમસ્યાથી આખી દુનિયા પીડાઈ રહી છે ત્યારે અમે તેની કિંમત ઓછી રાખીશું. આ વેક્સીન પર શરુઆતમાં નફો કમાવવા પર વિચાર નથી. ભારતમાં તેની કિંમત ૧૦૦૦ રુપિયાની આસાપાસ કે તેનાથી ઓછી હોઈ શકે છે. એન્ડ્રૂ પોલાર્ડે જણાવ્યું કે, કોરોના વેક્સીનના એન્ટીબોડી રિસ્પોન્સથી ખ્યાલ આવે છે કે વેક્સીન કોરોનાના દર્દીઓ પર ઘણી અસર કરી રહી છે. તેમણે કહ્યું, ‘‘શરુઆતના ટ્રાયલમાં સફળતા દેખાયા પછી હવે અમે તેના પૂરાવાની જરુર છે કે આ વેક્સીન કોરોના વાયરસથી લોકોને બચાવવામાં સક્ષમ છે. પોલાર્ડે જણાવ્યું કે હવે કોરોના વેક્સીનની અલગ-અલગ ટ્રાયલ કરવામાં આવી રહી છે અને તેમાં ચકાસવામાં આવશે કે વેક્સીનની લોકો પર કેવી અસર થાય છે. તેમણે એમ પણ કહ્યું કે, ‘‘કોરોના મહામારી દરમિયાન વેક્સીન બનાવવી અને તેને દુનિયામાં સુનિશ્ચિત સમયે પહોંચાડવી તે એક પડકાર છે. ભારતમાં આ વેક્સીનનું પ્રોડક્શન કરનારી પુણેની સેરમ ઈન્સ્ટિટ્યુટના સીઈઓ અદાર પુનાવાલાએ કહ્યું, ‘‘અમે મોટા પ્રમાણમાં આ વેક્સીનનું પ્રોડક્શન કરવાની તૈયારી બતાવી છે. અમે આ અઠવાડિયે વેક્સીનની મંજૂરી મેળવવા જઈ રહ્યા છીએ.’’ આ સાથે તેમણે જણાવ્યું કે, ઓક્સફોર્ડની વેક્સીન કોવિશીલ્ડના ડિસેમ્બર સુધીમાં ૩૦-૪૦ કરોડ ડોઝ બનાવવામાં સફળતા મળી શકે છે.

### દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય સંસ્થાઓ સંકળાયેલી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના આ દરોડામાં તેમની દુકાનો અને મકાનો સહિત અન્ય સ્થળોએ કાર્યવાહી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતના ભાઈ અગ્રસેન ખાતર સાથે સંકળાયેલા છે. કહેવામાં આવી રહ્યું છે કે ૧૯૮૦ ની પહેલાં તેની એક દુકાન છે. તે એ જ સ્થાપનામાંથી 'અનુપમ કૃષિ' નામના ખાતર સાથે કામ કરે છે.